હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

એ લોકો કર્યા એવા ભોગવે, અમારા જીવતે જીવતા ઉમેદવારને લીક કરી લઈ ગયા હતા, તો જોયુ, હવે તેમના પેપર લીક થવા મંડ્યા...

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સૈનિક કલ્યાણ નિધિમાં ફાળો અર્પણ કર્યો

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભારતીય સશસ્ત્ર સેના ધ્વજ દિવસ અવસરે સુરક્ષાદળોના જવાનોની સમર્પિત ભાવનાનો ઋણ સ્વીકાર કરી સૈનિક કલ્યાણ નિધિમાં આજે પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. વિજયભાઈ રૂપાણીએ દેશની સુરક્ષા સાચવતા ફરજપરસ્ત જવાનો પ્રત્યે કૃતજ્ઞતા પણ આ વેળાએ વ્યકત કરી હતી. ગુજરાત સૈનિક કલ્યાણ બોર્ડના નિયામક જાડેજા સાથે એન.સી.સી. કેડેટસે આ ફાળો સ્વીકાર કર્યો હતો.

સે-૨૩માં લગ્નના ભોજન બાદ ફૂડ પોઈઝનીંગની ઘટના

પંચાયતના કર્મચારીઓ પણ ફૂડ પોઈઝનીંગનો ભોગ બન્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા પંચાયતના વર્ગ-૪ના એક કર્મચારીના દિકરીના લગ્ન સમારોહમાં ભોજન આરોગ્યા બાદ કર્મચારીઓ અને જાનૈયાઓને ફૂડ પોઈઝનીંગ થતાં આજે આખો મામલો પંચાયત સંકુલમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

ગઈ કાલે સે-૨૩ ખાતે યોજાયેલ આ લગ્ન સમારોહમાં ભોજન લીધા બાદ પંચાયતના ૧૦થી વધુ કર્મચારીઓ અને જાનૈયાઓને ફૂડ પોઈઝનીંગની અસર થઈ હોવાનું જાણવા મળેલ છે.

આજે એક સાથે ૧૦થી પણ વધુ કર્મચારીઓની ગેરહાજરીને લઈ મુક્કો પ્રકાશમાં આવ્યો હતો. મોડી રાત્રે બે થી ત્રણ કર્મચારીઓને તો તબીબી સારવાર લેવાની પણ ફરજ પડી હતી અને સિવીલ હોસ્પિટલ પહોંચ્યા હતા.

ગાંધીધામમાં જનાક્રોશ રેલીનો જોરદાર વિરોધ

કચ્છના ગાંધીધામ શહેરના સંકુલની જુની જમીનના મુદે ડી.પી.ટીના અન્યાયકારી વલણ સામે સ્થાનિકોએ મોરચો માંડ્યો છે. જેના ભાગરૂપે શુક્રવારે ચેમ્બર ઓફ કોમર્સ જનઆક્રોશ રેલીનું આયોજન કર્યું હતું. આ રેલીમાં ઓબીસી એસસી-એસટી લઘુમતી એકતા મંચના ઉપાધ્યક્ષ મુકેશ ભરવાડની હાજરી રહી હતી. આ વિશાળ રેલીમાં જાણે જનસેલાબ ઉમટયુ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ઝંડા ચોકથી ડીપીટી સુધી રેલી યોજાઈ હતી. આ રેલીમાં ૫૦૦૦થી વધુ લોકોએ હસ્તાક્ષર કરી ભરવાડના નેતૃત્વ હેઠળ સ્થાનિક સત્તાવાળાઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન હાથ ધરવા શેર્ડ લેબ સુવિધા ઉપલબ્ધ કરાશે

પી.એચ.ડી. વિદ્યાર્થીઓ, પોસ્ટ-ડોક્સ, શિક્ષણવિદો, સંશોધકો, સ્ટાર્ટ-અપ્સ શેર્ડ લેબનો લાભ લઇ શકશે

ગાંધીનગર, તા. ૭

રાજય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરમાં બાયોટેકનોલોજી સંલગ્ન સંશોધન હાથ ધરવા માટે જીનોમિક્સ, મોલેકયુલર બાયોલોજી, બાયોપ્રોસ્પેકટીંગ અને બાયોઈન્ફોર્મેટિક્સ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજયમાં સંશોધકોને મહત્તમ લાભ આપવા સરકારે જીબીઆરસીની સંશોધન સુવિધાનો ઉપયોગ સ્ટેટ-ઓફ-આર્ટ શેર્ડ લેબ ફેસીલીટી તરીકે કરવાનો નિર્ણય કર્યો છે. આ સુવિધાઓનો મહત્તમ લાભ પીએચ.ડી. વિદ્યાર્થીઓ, પોસ્ટ-ડોક્સ, શિક્ષણવિદો, સંશોધકો તેમજ સ્ટાર્ટ-અપ્સ લઈ શકશે. શેર્ડ લેબ સુવિધાઓના ઉપયોગ માટે વિગતવાર માર્ગદર્શિકા જીબીઆરસીની વેબસાઈટ https://gbrc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયમાં બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધનને વેગ આપવા વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ હેઠળ ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર નામની સ્વતંત્ર સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થા દ્વારા રાજયની પ્રાદેશિક સમસ્યાઓ માટે બાયોટેકનોલોજી આધારિત ઉકેલ લાવવા તરફ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગો સાથે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ સહયોગ વિકસાવવા પ્રયાસ કરવામાં આવે છે. આ શેર્ડ લેબ બાયોટેક્નોલોજીના ક્ષેત્રના લાભાર્થી માટે એક ગતિશીલ અને સહયોગી ઈકોસિસ્ટમ બનાવવા મદદરૂપ થશે તેમજ રાજ્યના બાયોટેકનોલોજી સેક્ટરને વેગ આપશે તેમ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગની યાદીમાં જણાવાયું છે.

આઈઆઈટી ગાંધીનગર ખાતે ઈન્ડો-જાપાનીઝ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા.૭

ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર ખાતે ઈન્ડો જાપાનીઝ વર્કશોપ આગામી તા. ૧૨ થી ૧૪ ડિસેમ્બર દરમિયાન યોજવામાં આવશે.

આઈઆઈટી ગાંધીનગર અને જાપાન એડવાન્સ ઈન્સ્ટીટયૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના સંયુકત ઉપક્રમે યોજાનાર ત્રણ દિવસીય વર્કશોપનો વિષય 'ડિઝાઈન ઈન્ટરવેન્શન ફોર બિહેવીયરલ ચેન્જ' રહેશે. આ વર્કશોપમાં જાપાનના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી ભારતીય વિદ્યાર્થીઓ સાથે વિવિધ વૈશ્વિક સમસ્યાઓ અંગે મંતવ્યોની આપ-લે કરશે.

ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં બે વિષયોની પરીક્ષા એક જ દિવસે ન યોજવા એનએસયુઆઈનું આવેદન

ગાંધીનગર, તા.૭

આગામી તા. ૮ માર્ચ ૨૦૧૯ના રોજ લેવાનાર પેપર તત્વજ્ઞાન તેમજ ઈતિહાસના પેપરનો સમાવેશ થાય છે. તા. ૭ માર્ચ ૨૦૧૯ના રોજ ન્યુ એસએસસી પરીક્ષા ચાલુ થાય છે. જે બંને વિષયો આર્ટસના છે. જેમાં સવારે ૧૦.૩૦ થી ૧.૪૪ ઈતિહાસ વિષયની પરીક્ષા છે જયારે બપોરે ૩ થી ૬ ના ટાઈમે તત્વજ્ઞાનના વિષયની પરીક્ષા રાખેલ છે. ધો-૧૧ અને ૧૨ આર્ટસના ઘણા બધા વિદ્યાર્થીઓ આ બંને વિષયો રાખતા હોય છે જયારે કેટલાક વિદ્યાર્થીઓ બંનેમાંથી કોઈ એક વિષય રાખતા હોય છે. ગત વર્ષે પણ બોર્ડ દ્વારા એક જ દિવસ બંને વિષયની પરીક્ષા રખાઈ હતી જેથી વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ગત વર્ષે પણ વિદ્યાર્થીઓના હોબાળાના પગલે બોર્ડે પરીક્ષા અલગ અલગ રાખવા જાહેરાત કરી હતી પરંતુ તેમ છતાં આ વર્ષે બંને વિષયોની પરીક્ષા એક સાથે રાખવામાં આવેલ છે. જેને લઈને વિદ્યાર્થીઓ હેરાન છે. જો આ પરીક્ષા એખ જ દિવસે રાખવામાં આવશે તો આગામી સમયમાં એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે અને જો ૪૮ કલાકમાં પરીક્ષાના સમયમાં ફેરફાર નહીં કરવામાં આવે તો કચેરીનો ઘેરાવ કરી વિદ્યાર્થીઓને સાથે રાખી પરીક્ષાનો બહિષ્કાર કરવામાં આવશે.

મગોડી ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત હાઈસ્કૂલ ખાતે સાત ગામોના નાગરિકોને સ્થળ પર સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાતમંદ લોકોની અરજીની ચકાસણી કરી યોગ્ય નિરાકરણ કરી ઘર આંગણે ઝડપી ઉકેલ અને સુવિધા મળે તેવા હેતુસર સેવાસેતુ કાર્યક્રમ દક્ષિણ વિધાનસભા ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોરની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં સાત ગામો જેવા કે મગોડી, ઈસનપુર મોટા, ડભોડા, વડોદરા, ગલુદણ, સોનારડા અને રામપુરા-મેદરીન નાગરિકોએ સરકારી વિવિધ વિભાગોની યોજનાકીય લાભો મેળવવા જરૂરી આધારો માટે રેશનીંગકાર્ડ, આધારકાર્ડ, મા-અમૃતમકાર્ડ, જાતિ પ્રમાણપત્ર, આવકનો દાખલો, સીનીયર સિટિઝન, ક્રિમિલિયર પ્રમાણપત્ર જનસેવા કેન્દ્ર તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી, તલાટી કમ મંત્રી, સરપંચો સહિત અધિકારીઓ ઉપસ્થિત રહી અરજદારોને જરૂરી માર્ગદર્શન અને કામગીરી દ્વારા સવલતો પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં યુનિયન બેંક, જિલ્લા પંચાયત આયુર્વેદ નિદાન કેમ્પ, વન વિભાગ, યુજીવીસીએલ, પુરવઠા વિભાગ, બાગાયત, સમાજકલ્યાણ વગેરે ખાતાના કર્મચારીઓએ સેવા પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં મામલતદાર સુનીલભાઈ રાવલ, નાયબ મામલતદાર ઈશ્વરભાઈ દેસાઈ તથા ધારાસભ્ય શંભુજી ઠાકોરની ઉપસ્થિતિમાં મા અમૃતકાર્ડ અને આવકના દાખલાના પ્રમાણપત્રો લાભાર્થીઓને અર્પણ કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં ગામોના લાભાર્થીઓએ સેવાસેતુ કાર્યક્રમનો લાભ લઈ સંતોષ વ્યક્ત કર્યો હતો.

નિવૃત અધ્યાપકોના એરીયર્સના નાણા ચુકવવામાં તંત્રના ઠાગાઠૈયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં રહેતા કુલ ૩૩ અધ્યાપક પેન્શનરોને તંત્ર દ્વારા કુલ રૂ. ૩ કરોડ ૩૦ લાખ ચુકવવાના રાજય સરકારે થાય છે. પરંતુ હજુ સુધી સરકાર દ્વારા આ પેન્શનરોને નાણા ન મળતા તેઓ કાગડોળે એરીયર્સના નાણાની રાહ જોઈ રહ્યા છે. ત્યારે આ નાણા આપવા માટે કયો ગ્રહ તંત્રને નડી રહ્યો છે તે સમજાતું નથી.

પ્રાપ્ત માહિતી મુજબ તા. ૧-૧-૨૦૦૬ પહેલા નિવૃત થયેલા અધ્યાપકોના ગુજરાત હાઈકોર્ટના ચુકાદાથી તા.૧-૧-૨૦૦૬ થી પેન્શન સુધારણા સરકારે કર્યા છે. પરંતુ પેન્શન સુધારણા પછી મળનાર એરીયર્સની ચુકવણીમાં અધ્યાપકોના પેન્શનર મંડલ, સરકારના શિક્ષણ ખાતા, નાણા ખાતા, સરકારી વકીલ, પેન્શનર મંડળના વકીલ વચ્ચે બાયબાય ચારણી જેવો ખેલ ખેલાઈ રહ્યો છે. ત્યારે ૭૫ વર્ષથી વધુની વય વટાવી ચુકેવા નિવૃત અધ્યાપકો એરીયર્સની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૧૪-૮-૧૮ ના ચુકાદામાં સ્પષ્ટ આદેશ છે છતા સરકારી વકીલની આડોડાઈ છે કે સરકારના શિક્ષણ, નાણા, વિભાગની આડોડાઈ છે તે સમજાતુ નથી. જો એરીયર્સની રકમ ચુકવણીમાં વિલંબ થશે તો સરકારના માથે ૬ ટકા વ્યાજ સાથે એરીયર્સની રકમ દરેક સભાસદને ઓછામાં ઓછા આઠથી બાર લાખ સુધી મળવા પાત્રા થાય છે. રાજયમાં કુલ ૧૦૦ સદાસદો પેન્શનરો ને કુલ ૧૧ કરોડ એરીયર્સ ચુકવાનું થાય છે.

કલોલની સ્વામીનારાયણ ડિપ્લોમા ડીગ્રી કોલેજના આચાર્ય બિનઅનુભવી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેર ખાતે આવેલ સ્વામીનારાયણ ડિપ્લોમા અને ડિગ્રી કોલેજ ખાતે બિન અનુભવી અને ઓછી લાયકાત ધરાવતા વ્યકિત પ્રિન્સીપાલનો હવાલો આપ્યો છે. જેને પગલે બિન અનુભવી આચાર્યના નિર્ણયોથી વિદ્યાર્થીઓને નુકશાન સહન કરવાનો વારો આવે છે. તેવી લેખિત રજુઆત એનએસયુઆઈ દ્વારા રાજયના શિક્ષણ વિભાગના મુખ્ય સચિવને કરી છે.

આલ ઈન્ડિયા કાઉન્સીલર ફોર ટેકનીકલ એજયુકેશન ન્યું દિલ્હીની ગાઈડ લાઈન, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અમદાવાદની ગાઈડ લાઈન મુજબ પ્રિન્સીપાલની ઓછામાં ઓછી લાયકાત પીએચડી પલ્સ ૧૩ વર્ષ કે તેથી વધુનો એકેડેમિક કે રિસર્ચનો અનુભવની લાયકાત ધરાવતા હોવા જોઈએ, કલોલ સ્થિત સ્વામીનારાયણ કોલેજમાં પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવતા સમીર પટેલ માત્ર એઈની ડિગ્રી ધરાવે છે. જયારે ડિગ્રી કોલેજમાં પ્રિન્સીપાલની ફરજ બજાવતા એન.એસ.પટેલ બીઈની ડિગ્રી ધરાવતા હોવા છતા રાજકીય લાગવગ ધરાવતા હોવાથી ટેકનીકલ શિક્ષણનો ભંગ કરી આ બંન્ને વ્યકિતઓને જીટીયુ દ્વારા પ્રિન્સીપાલનો હોદો આપવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને ન્યાય મળી રહે તે માટે આ બિન અનુભવી તથા ઓછી લાયકાત ધરાવતા વ્યકિતઓને હોદા પરથી દુર કરી પ્રિન્સીપાલ તરીકે કવોલિફિકેશન ધરાવતા વ્યકિતની નિમણુંક કરવા માટે રાજયના શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ અંજુ શર્માને લેખિત રજુઆત કરવામાં આવી હોવાનું ગુજરાત એનએસયુઆઈના મહામંત્રી અમિત પારેખે જણાવ્યું છે.

સાયબર હુમલાઓનું જોખમ ચિંતાજનક રીતે વધી રહ્યું છે

અમદાવાદ, ગુજરાત સહિત દેશની કો-ઓપરેટીવ બેંકો સહિતની બેંકો અને નાણાંકીય સંસ્થાઓમાં છેલ્લા કેટલાક સમયથી સાયબર હુમલાનું જોખમ ચિંતાજનક હદે વધ્યું છે. દિન પ્રતિદિન બેંકો અને નાણાંકીય સંસ્થાનોમાં સાયબર એટેકના કિસ્સાઓ વધી રહ્યા છે. માત્ર કો-ઓપરેટીવ બેંકના સાયબર એટેકની વાત કરીએ તો, છેલ્લા એક વર્ષમાં દેશમાં કો-ઓપરેટીવ બેંકોમાં ૫૪ થી ૫૫ જેટલા સાયબર એટેકના કેસો સામે આવ્યા છે. બિનસત્તાવાર રીતે આ આંક ઘણો મોટો હોઈ શકે. પરંતુ બેંકો અને નાણાંકીય સંસ્થાઓમાં આજે સાયબર એટેક, હેકીંગ સહિતના જોખમી પરિબળો ચિંતાજનક બન્યા છે ત્યારે હવે કો-ઓપરેટીવ બેંકો સહિતની વિવિધ બેંકો અને નાણાંકીય સંસ્થાનોને આઈટી, ફુલપ્રુફ સીકયોરિટી સીસ્ટમથી સુસજજ કરવી પડશે, અન્યથા તેના માઠા પરિણામ ભોગવવા પડી શકે છે એ મતલબનો સૂર આજે અમદાવાદમાં કો.ઓ.બેંકોમાં સાયબર સિકયોરિટી મામલે યોજાયેલા મહત્વના સેમીનારમાં નિષ્ણાત તજજ્ઞોએ વ્યકત કર્યો હતો. બેંકો માટે ખૂબ જ મહત્વના આ સેમીનારમાં ૧૦૦થી વધુ બેંકોએ ભાગ લીધો હતો.

ચેક પરત થવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા

મિત્રતાના નાતે ધંધાના કામ માટે રૂ ૭ લાખ રોકડા આપ્યા હતા જેની સામે આપેલો ચેક અપુરતા ભંડોળના લીધે બેંકમાંથી પરત થયો હતો

ગાંધીનગર તા ૭

ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. કોર્ટે આરોપીને રૂ ૧૦ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

અનુસાર અમદાવાદમાં આર-૨૭ માનસરોવર ટાઉનશીપ આઈ યુ સી રોડ ચાંદખેડા ખાતે રહેતા કૌશલ કિશોર યોદવ તેમજ બોરીજમાં રહેતા અરવિંદ છગુજી ખાંટ વચ્ચે મિત્રતાનો સંબંધ હતા.જયારે આ બન્ને મિત્રો જમીન દલાલીનો ધંધો પણ સાથે કરતા હતા. ધંધાના કામ અર્થે આર્થિક જરૂરિયાત ઉભી થતા અરવિંદજીએ કૌશલભાઈ પાસે પૈસાની માંગણી કરી હતી. જયારે ધંધાકીય જરૂરીયાતના નાતે કૌશલભાઈએ અરવિંદભાઈને રૂ ૭ લાખ રોકડા આપ્યા હતા. જયારે આ રકમ સામે આરોપીએ રૂ ૭ લાખની રકમનો ચેક આપ્યો હતો. આ ચેક નિયત સમયે બેંકમાં જમા કરાવતા પરત થયો અપુરતા ભંડોળના લીધે ચેક પરત થતા વકીલની નોટીસના અંતે પણ તેમણે લેંણી રકમ જમા કરાવી ન હતી. જેના અંતે તેમણે વકીલ મારફતે નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટની કલમ -૧૩૮ મુજબ કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવી હતી. આ કેસ ગાંધીનગરની પાંચમા એડિશ્નલ સિનિયર સિવિલ કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરીકેના વકીલ એ આર જૈપાલ અંબાલાલે દલીલો કરી હતી. જેમાં વકીલે કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ કે અમને વિશ્વાસ અને ભરોસાથી ચેક આપ્યો હતો. આમછતા લેંણી રકમ મળી નથી. ચેકની રકમ મળી જાય અને આરોપીને સખત સજા કરવા માટે પણ દલીલમાં જણાંવ્યુ હતુ. જેના અંતે જજ કુ એચ ડી પંડીતે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ ૧૦ હજાર દંડ ભરવા માટે આદેશ કર્યો છે. આ ઉપરાંત દંડ ન ભરે તો ૧૫ દિવસની સાદી કેદની સજા ભોગવવા પણ આદેશ કર્યો છે. જયારે રૂ ૭ લાખ બે માસની અંદર ફરિયાદીને ચુકવી આપવા પણ કોર્ટે હુકમ કર્યો છે.

ગુજરાત પોલીસની ૧૪૦ની ટીમને દિલ્હી ગેંગ હંફાવે છે

અમદાવાદ, તા.૭

લોકરક્ષક દળના પેપર લીક કૌભાંડમાં દિલ્હી ગેંગને શોધવા ખુદ ગુજરાત રાજયના ડીજીપી શિવાનંદ ઝા, ગુજરાત એટીએસના એસપી હિમાંશુ શુકલા, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના દીપેન ભદ્રન અને ગાંધીનગરના જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓના નેતૃત્વમાં ચુંનદા અધિકારીઓ સહિત ૧૪૦ પોલીસ કર્મચારીઓની ૧૭ ટીમો આકાશ પાતાળ એક કરી રહી છે પરંતુ હજુ સુધી દિલ્હી ગેંગનો એક પણ આરોપી ગુજરાત પોલીસના સકંજામાં આવ્યો નથી.

એવું કહી શકાય કે, બહુ જ શાતીર, ચાલાક અને ફુલપ્રુફ મોડેસ ઓપરેન્ડી ધરાવનાર દિલ્હીની ગેંગ ગુજરાત પોલીસના દોઢસો જેટલા અધિકારીઓને જોરદાર રીતે હંફાવી રહી છે કે, પાંચ દિવસ બાદ પણ હજુ પોલીસ એક આરોપી સુધી પહોંચી શકી નથી. દિલ્હીની ગેંગના સભ્યો અને તેમના સગડ મેળવવા ગુજરાત પોલીસની જુદી જુદી ટીમો દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિતના રાજયોમાં તપાસ ચલાવી રહી છે.

પરંતુ હજુ સુધી પોલીસ એક પણ આરોપી સુધી પહોંચી શકી નથી. પોલીસને માત્ર ગુજરાતના ઉમેદવારોને ગુડગાંવથી દિલ્હી લઈ જવાયા તે વાહનો જ આઈડેન્ટીફાય કરવામાં સફળતા મળી છે પરંતુ હજુ સુધી આરોપીઓનું નેટવર્ક ભેદવામાં સફળતા મળી નથી. ખુદ ગુજરાત પોલીસે સ્વીકાર્યું છે કે, દિલ્હીની આ ગેંગ પેપર લીક કરવામાં એટલી નિપુણ અને માસ્ટરમાઈન્ડ છે કે, તે બહુ ફુલપ્રુફ સીસ્ટમ સાથે કામ કરે છે કે, તેમની ગેંગનો કે અન્ય કોઈપણ આરોપી પકડાઈ જાય તો તે તપાસના ચકવ્યૂહમાં સિફતતાપૂર્વક બહાર નીકળી જઈ શકે.

ગાંધીનગરમાં જૂના સચિવાલય પાસે આવેલા મીના બજારમાં વ્યવસાય કરી રોજીરોટી મેળવી રહેલા નાના વેપારીઓ દ્વારા તાજેતરમાં સ્નેહ મિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. પ્રગતિ લારી પાથરણાં મંડળ દ્વારા આયોજિત આ સમારોહમાં પરસ્પર શુભેચ્છાઓ આપવા સાથે વેપારી મિત્રોએ એકબીજાના સુખ-દુઃખમાં સાથે રહેવાની હૈયા ધારણ આપી હતી જે અંતર્ગત ગત વર્ષ દરમ્યાન અવસાન પામેલ મીના બજારના વેપારીઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત અવસાન પામેલા વેપારીઓના પરિવારજનો પ્રત્યે સંવેદના દાખવવા સાથે તેમને રૂ. ૧૧ હજારનો ચેક મંડળ દ્વારા સહાયરૂપે આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

અમદાવાદમાં પ્રિમિયર બેડમિન્ટન લીગની મેચ હવે જોવા મળશે

અમદાવાદ,તા. ૭

પ્રિમીયર બેડમિન્ટન લીગની મહત્વની મેચો આ વખતે સૌપ્રથમવાર અમદાવાદમાં તા.૨થી ૬ જાન્યુઆરી દરમ્યાન જોવા મળશે. સ્પોર્ટ્સ લાઈવ દ્વારા તા.૨૨ ડિસે.થી તા.૧૩ જાન્યુ.સુધી પ્રિમીયર બેડમિન્ટન લીગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઓલિમ્પિક મેડાલિસ્ટ અને વર્લ્ડ ચેમ્પિયન્સ સહિત ભારતના ચુંનદા ખેલાડીઓની બેડમિન્ટનની રમતની મોજ માણવા મળશે. ખાસ કરીને પીબીએલમાં ભારતની સ્ટાર ખેલાડીઓ પી.વી.સિંધુ, સાયના નેહવાલ, સિક્કી રેડ્ડી, શ્રીકાંત કિદમ્બી સહિતના ખેલાડીઓ રમતા જોવા મળશે, અમદાવાદીઓ માટે સૌપ્રથમવાર આ સ્ટાર ખેલાડીઓને જોવાની અને તેમની રમતની લુત્ફ ઉઠાવવાની તક પ્રાપ્ય બનશે એમ અત્રે સ્પોર્ટસ લાઈવના એકઝીકયુટીવ ડાયરેકટર પ્રસાદ મંગીપુડી અને બેડમિન્ટન એસોસીએશન ઓફ ઈન્ડિયાના જોઈન્ટ સેક્રેટરી મયુર વી.પરીખે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પીબીએલની આ ૪થી સીઝન છે પરંતુ તે વિશ્વની લોકપ્રિય ઈવેન્ટમાં સામેલ થઈ ચૂકી છે. કારણ કે, તેને જોનારા દર્શકોની સંખ્યા લાખોમાં વધી રહી છે. આ વખતની પીબીએલની સ્પર્ધામાં ૯ ટીમો ભાગ લેશે. જેમાં દેશ-વિદેશના ૧૦૦થી વધુ બેડમિન્ટ પ્લેયર્સ ભાગ લેવાના છે.